સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# ગણપતિવ્રત - ગણેશચતુર્થી

**ધર્મ દર્શન**
**બાળકૃષ્ણ વડનેરે**

વાર્ષિક વ્રતવૈકલ્પમાં ગણેશચતુર્થી વ્રતનો સમાવેશ થાય છે અને હવે આ વ્રતની ઉજવણી વૈયક્તિક, પારિવારિક, સામૂહિક અને સામાજિક સ્તર પર થાય છે. વાસ્તવિકતામાં ગણેશ, સૂર્યદેવ, દેવી તથા શિવજી અને વિષ્ણુ આ પંચાયતનની મૂર્તિપૂજા થાય છે. આ દેવોની પાર્થિવપૂજા પણ કરાય છે અને માનસપૂજન પણ કરવામાં આવે છે. પંચાયતન દેવોમાં શિવજી અને ગણેશ ભગવાનની પાર્થિવપૂજા કરવાનો પ્રઘાત હતો પણ હવે દેવી, મહાલક્ષ્મી, જેષ્ઠાગૌરી, નવરાત્રીમાં અંબાજી તથા સંતોષીમાતા આદિ દેવીઓની માટીની પાર્થિવમૂર્તિની પૂજા કરવાનો રિવાજ સમાજમાં જોવા મળ્યો છે. પંચાયતન દેવતાઓમાં શ્રી ગણેશજીનું વ્રતપૂજન પારંપારિક રીતે માટીની ગણેશમૂર્તિ બનાવીને એની સ્થાપના, પ્રાણપ્રતિષ્ઠા કરીને એક દિવસનું આ ગણેશવ્રત કરવાનો રિવાજ વર્ષોથી દરેક પરિવારમાં હતો. દરેક સુદ પક્ષમાં આવનારી સુદ ચોથ વિનાયકી ચતુર્થી અને વદ પક્ષમાં

> **નદીની આસપાસની કે ખેતરની શુદ્ધ-સ્વચ્છ માટી લાવીને હાથના અંગૂઠા જેટલી ઊંચાઈની કે હાથના એક વેંત સુધીની ઊંચાઈની ચાર હાથવાળી અંકુશ, પાશ, મોદક અને આશિષ આપનારી મૂર્તિ બનાવીને લાલ કંકુ અને સિંદૂરથી સજાવેલી પાર્થિવ મૂર્તિ પશ્ચિમ કે ઉત્તર દિશા તરફ મુખ રાખીને સ્થાપિત કરવી**

આવનારી વદ ચોથ એ સંકષ્ટચતુર્થી. આ બંને ગણેશવ્રતની ચતુર્થીઓ છે પણ શાસ્ત્રસંમત રીતે ભાદ્રપદ માસની સુદ પક્ષની વિનાયકી ચતુર્થી ગણેશવ્રતપૂજા માટે માન્યતા ધરાવે છે અને ગણેશભક્તો ભાદરવા સુદ ચોથના દિવસે શ્રીગણેશની પાર્થિવ મૂર્તિ બનાવીને સ્થાપના અને પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરીને પૂજન, અર્ચન કરે છે અને આ ગણેશવ્રત એક દિવસ પૂરતું જ હોય છે એવું શાસ્ત્ર કહે છે. નદીની આસપાસની કે ખેતરની શુદ્ધ-સ્વચ્છ માટી લાવીને હાથના અંગૂઠા જેટલી ઊંચાઈની કે હાથના એક વેંત સુધીની ઊંચાઈની ચાર હાથવાળી અંકુશ, પાશ, મોદક અને આશિષ આપનારી મૂર્તિ બનાવીને લાલ કંકુ અને સિંદૂરથી સજાવેલી પાર્થિવ મૂર્તિની



સ્થાપના પૂજા-પશ્ચિમ કે ઉત્તર દિશા તરફ મુખ રાખીને કરવી અને પત્ર-લાલપુષ્પ-શમી અને દરોની માળાથી પૂજન કરવું. મૂર્તિ સ્થાપન કર્યા પછી બ્રાહ્મણના મુખેથી સંકલ્પ અને પ્રાણપ્રતિષ્ઠા મંત્ર સાંભળીને પૂજન કરવું.

બ્રાહ્મણદેવ ઉપલબ્ધ ન હોય તો આચમન કરીને એટલે ‘ૐ કેશવાય નમઃ સ્વાહાઃ’ એક આચમની પાણી સેવન કરવું. ‘ૐ નારાયણાય નમઃ સ્વાહાઃ’ બીજી વાર પાણી સેવન કરવું. ‘ૐ માધવાય નમઃ સ્વાહાઃ’ બોલીને ત્રીજી વાર પાણી સેવન કરવું અને ચોથી વાર ‘ૐ ગોવિંદાય નમઃ’ બોલીને આચમની ભરીને પાણી થાળીમાં મૂકવું. કોઈ પણ પૂજન પ્રારંભે આ રીતે આચમન કરવું.

પછી પાંચ વખત પ્રાણાયામ વિધિ કરવી. શ્વાસ અંદર લેવો ‘પૂરક’ શ્વાસ છાતીમાં રોકવો ‘કુંભક’ અને પછી શ્વાસ બહાર છોડવો ‘રેચક’ આમ પાંચ વખત પ્રાણાયામ કરવા. સંકલ્પ બોલવો- આજની શુભ તિથિએ, ઉપલબ્ધ પૂજન સાહિત્ય સાથે પ્રતિવાર્ષિક વિધિ પ્રમાણે મૂર્તિકેશ્વર શ્રી સિદ્ધિવિનાયક દેવતા માટે પ્રાણપ્રતિષ્ઠાપૂર્વક શ્રી ગણેશ ચતુર્થીવ્રત નિમિત્તે ધ્યાનાવાહનાદિ (ષોડશોપચાર, - પંચોપચાર પૂજનેમહં કરિષ્યે ॥) પત્ર, ફૂલ, ફળ સાથે સ્વસ્થ-શાંત સ્વભાવથી પૂજન કરું છું. પ્રાણપ્રતિષ્ઠાના મંત્રો - મૂર્તિની બંને આંખો ઉપર માખણનો સ્પર્શ મૂકવો અને પાર્થિવ મૂર્તિના હૃદય પર પોતાનો જમણો હાથ મૂકવો, સ્પર્શ કરવો અને નીચેનો મંત્ર મોટેથી બોલવો. ‘ૐ આં હ્રીં ક્રોં દેવસ્ય પ્રાણા ઈહ પ્રાણાઃ । ૐ આં હ્રીં ક્રોં દેવસ્ય જીવ ઈહ સ્થિતઃ । ૐ આં હ્રીં ક્રોં દેવસ્ય સર્વે-ઈન્દ્રિયાણિ ઈદેવ આગત્ય સુખં ચિરં તિષ્ઠન્તુ સ્વાહા ॥’ દરોના (દૂર્વાના) પત્રથી મૂર્તિ પર મૂકેલા માખણને કાઢી લેવું અને શુદ્ધ જળથી મૂર્તિની પૂજા કરવી. સ્નાનરૂપે દૂર્વાના પાનથી જળ છાંટવું અને ઉપલબ્ધ પૂજનસામગ્રી અર્પણ કરવી. આરતી, ધૂપ પછી ગોળ-કોપરું, મોદક, પેંડાનો નૈવેદ્ય ધરવો. મંત્ર પુષ્પાંજલિનું પઠન કરવું. રાત્રે ભજન, કીર્તન, ગણેશ સ્તોત્ર પઠન કરવું અને સવારે ઉત્તરપૂજન કરીને મૂર્તિ પર અક્ષતનો વર્ષાવ કરીને નદીના પ્રવાહમાં વિસર્જન કરવું. આમ વ્રતની સાંગતા કરવી. દેશને ગુલામીમાંથી મુક્ત કરવા સ્વાતંત્ર્ય લોકસંગઠન માટે સ્વ. બાળગંગાધર તિલક મહારાજે ગણેશવ્રતને ૧૦ દિવસનું કરીને ગણેશોત્સવ પૂજન ઉત્સવ અનંતચતુર્દશી સુધી ૧૦ દિવસ લંબાવીને ગણેશકૃપા મેળવીને સ્વાતંત્ર્ય સંગ્રામ ચાલુ રાખ્યો અને ગલી, શેરી, મહોલ્લામાં શ્રી ગણેશોત્સવ ઉજવણી શરૂ થઈ અને શ્રી ગણેશકૃપાથી ભારત દેશ ગુલામીમાંથી મુક્ત થયો.

---

# ગોપી ગીત

**પંચામૃત**
**નીલાક્ષી પરીખ**

મિત્રો, ગુરુ કૃપાએ ગોપીઓની મનોદશાનું આપણે દર્શન કર્યું. હવે જે શાસ્ત્રાર્થ થાય છે ગોપીઓ અને કૃષ્ણ સાથે એના તરફ દ્રષ્ટિપાત કરીએ. હે રાધારમણ પ્રગટ થાવ. કેવી છે આપની મૂર્તિ? આગળ વર્ણન જોઈએ - ‘ગલે સોહે રહી મોતિયન માલા, અધરોં પે મુરલી સજાયેં, કરે ઘાયલ તેરી ચિતવનસે, મુસ્કાનસે ચૈન ચુરાયે, હો ભક્તોં કે સરતાજ કિંતુ રાધારાની કે ચેર (દાસ) રાધારમણ મેરે.’ ગોપીઓ કહે છે- ક કર્તવ્ય પાલન કરીને શું પ્રાપ્ત કરવાનું છે? ભક્તિ. અને એ ભક્તિનું ફળ એટલે ભગવાન. સાધનના રૂપમાં ભક્તિ અને શ્રવણાદિ નવધા ભક્તિ કરે, સંકીર્તન, જપ કરે આ કર્યા પછી અનુરાગા ભક્તિ થાય એને લઈને ભગવાન મળે. આપ પતિસેવાની વાત કરો બરાબર પણ એ તમારી જ મૂર્તિ છે. એથી તો સેવા કરીએ છીએ. પતિ વિદેશ જાય ત્યારે પત્ની પતિના ફોટાની પૂજા કરે પણ સ્વયં આવે તો પછી પણ ફોટાની જ પૂજા કરે તો? બંગલો, ગાડી બધું જ હોય પણ એ ફોટો આપી ગયો. તમારે માટે જ જાઉં છું. અચાનક પેલો આવે તો પેલાના ફોટાની પૂજા કરતી હોય વચ્ચે ઉભી ન થાય. પૂછે- કોણ છો? પેલો કહે- હું છું દરવાજો ખોલો. પેલી કહે- ઊભા રહો, પૂજા કરૂં છું. પતિ કહે- હવે મારી પૂજા! હું જ આવ્યો છું. પૂછે છે ગોપીઓ કે હે પ્રિયતમ! પત્નીએ પૂજામાં બેસી રહેવું જોઈએ કે અસલી પતિને ભેટીને પ્રેમ પ્રગટ કરવો જોઈએ? ભગવાન કહે- ગાંડી, પછી થોડી પૂજા કરવાની હોય? ફોટાની. ગોપીઓ કહે- ભાઈ, પતિ, પિતા તમારી જ મૂર્તિ છે. એ રૂપમાં કર્તવ્ય પાલન બરાબર પણ અસલી પતિ તો આપ છો. પતિઓના પતિ છે આપ. તો આપને ભેટીને પ્રેમ પ્રગટ કરવો એ જ તો ભક્તોએ કરવાનું હોય ને? અને આ શાસ્ત્રાર્થમાં ગોપીઓ જીતી ગઈ! જીતવાવાળા જે કહે તે હારનારાએ કરવું પડે. એટલે રાસ રચાયો. પ્રણયગીતનું ફળ શું? ભગવાનને પ્રસન્ન કર્યા એ રાસ રમવા તૈયાર થયા. પૂર્ણ ભગવાનના મનમાં ઈચ્છા જાગૃત કરી - ગોપીઓએ. કૃષ્ણ છે આત્મારામ. આત્મામાં રમે. આમાં મતલબ રાધિકામાં રમણ કરે. રાધાની સાથે રમણ, આત્મારામ કહે કે રાધારમણ બંને એક જ વાત છે. ગોપીઓને જાણ છે કે આ લૌકિક પ્રેમ નથી. આપણે જોયું કે ભક્તિમાં જે કોઈ ફોર્સિસ રોકે એ અવરોધને પાર કરી પહોંચવાનું છે. ભરતે મા કૈકેયીની વાત ન માની, બલિએ ગુરુની વાત ન માની, પ્રહલાદે પિતાની વાત ન સ્વીકારી. કેમ? માનવ શરીર એક તક છે. ભગવદ્ પ્રાપ્તિ માટેની. કરોડો કામ છોડીને હરિને ભજી લેવા. ૪ પુરુષાર્થ છે - ધર્મ, અર્થ, કામ અને



મોક્ષ. મોહનો અક્ષય એટલે મોક્ષ. મુક્તિ એટલે તમે તમારા ટાઈમને ધારા એ રીતે વિતાવી શકશો. એ મુક્તિ, સ્વતંત્રતા. ધર્મ માટે બંધન સ્વીકાર એ તપસ્યા છે. ૭ માં સ્કંધમાં ૪ આશ્રમ ૪ પડાવમાં વહેંચી બ્રહ્મચર્યાશ્રમથી સંન્યસ્ત આશ્રમ. ન્યાસ એટલે ત્યાગ. છેલ્લે બધાનો કરો. શરીરનો પણ ત્યાગ. કાળ છીનવી લે ને પહેલાં આ ભાડાનું મકાન ખાલી કરવાની તૈયારી રાખવાની. પેલા સુંદર ભજનનું સ્મરણ થાય છે ને?

‘જીવ તું શાને ફરે છે ગુમાનમાં,
તારે રહેવું ભાડાના મકાનમાં.
રોજ મ્હાલે છે એશો આરામમાં,
તારે રહેવું ભાડાના મકાનમાં.
જુઓ એનો રુઆબ જાણે મોટો નવાબ,
જાણે કાયમ લીધું છે વેચાણમાં તારે રહેવું...
કાળ આવીને હરશે તારા કાનમાં, તારે રહેવું...’

તમને ખબર છે? આ ભાડું શું? ૩ ટાણાં જમો છો એ ભાડું છે.

> **સાધનના રૂપમાં ભક્તિ અને શ્રવણાદિ નવધા ભક્તિ કરે, સંકીર્તન, જપ કરે આ કર્યા પછી અનુરાગા ભક્તિ થાય એને લઈને ભગવાન મળે**

હવા, પાણી, મકાન, ૩ ટાણાં જમવાનું એ ભાડું છે. ભક્તો કહે- ભગવાનને ભોગ લગાડી દઈએ. અંદર બેઠા ભગવાનને ભૂખ લાગી હશે. કર્મવાદી કહેશે- યજ્ઞ કરવો પડશે. વૈશ્વાનર અગ્નિ છે અંદર. ભગવાન છે એ યજ્ઞના રૂપમાં. પાચક રસના રૂપમાં એ અગ્નિ છે. ઘી- ભાતના મીઠા રહિત પાંચ કોળિયા લેવાના હોય. ભોજન પણ યજ્ઞ ભાવથી કરવાનું. સીધા સાધા માણસો કહે છે - ભાડું ચૂકવી દઈએ, જમી લઈએ. પ્રકૃતિનું બનેલું છે- શરીર. પ્રારબ્ધ લઈને આવ્યા છીએ- જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી તક છે. ગોપીઓ - સ્વયં સિદ્ધા, સાધન સિદ્ધા, ઋષિરૂપ ગોપીઓ કહે છે- સાવ સાચું તમે યશોદાના પુત્ર નથી. યશોદાના પુત્ર હોત તો આવા કઠોર, નિષ્ઠુર ન હોત. મા યશોદા તો આંસુ પણ જોઈ શકતી નથી. તમે પ્રાણીમાત્રના હૃદયમાં રહેલા નારાયણ પણ લાગતાં નથી. કેમ? જો એવું હોત તો તમે અંતરની વાત જાણતાં જ હોત. બ્રહ્માજીની પ્રાર્થનાથી પ્રગટેલા ભગવાન પણ નથી. એ તો પૃથ્વીનો ભાર ઉતારવા આવ્યા છે ને તમે તો જવાબદારી માંથી છૂટવું હોય તેવું કરો છો. સાત્વત કુળમાં જન્મ્યા હો એવું પણ લાગતું નથી. તમે હેરાન કરો, રડાવો, દુઃખી કરો. હે સખા! તમે જીવમાત્રના સખા છો પ્રભુ, માત્ર અર્જુનના જ સખા નથી.

‘ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ । ત્વમેવ બંધુ ચ સખા ત્વમેવ ॥’ આ ‘ખીજકી’ ગોપીનો ભાવ છે.

‘વિરચિતા ભયં વૃષ્ણિધુર્ય તે ચરણમીયુષાં સંસ્કૃતેર્ભયાત્ । કર સરોરુહં કાન્ત કામદં શિરસિ ધેહિ નઃ શ્રી કર ગ્રહમ્ ॥’ (૫) પોતાના ભક્તોની અભિલાષાને પૂર્ણ કરવામાં અગ્રગણ્ય હે યદુવંશ શિરોમણિ! જે લોકો જન્મ મૃત્યુરૂપ સંસારચક્રથી ભયભીત બની તમારા ચરણ કમળનું શરણ ગ્રહણ કરે છે તેને તમારો કરકમળ પોતાની છત્ર-છાયામાં લઈ અભય કરી દે છે. હે પ્રિયતમ! સર્વની ઈચ્છા, અભિલાષા ને પૂર્ણ કરનારા, એ કરકમળ જેનાથી આપે લક્ષ્મીનો હાથ પકડ્યો છે, એ અમારા મસ્તક પર મૂકો. હે વૃષ્ણિધુર્ય, કાંત એમ જુદા-જુદા સંબોધનો કર્યા છે પણ કૃષ્ણનું નામ લીધું નથી.

(ગુરુવર્ય પૂ. રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી) ના સત્સંગને આધારે)